# જીવન માટે ઉપયોગી વ્યાખ્યાઓ

************************

૧. **ધર્મ** -- એટલે ફરજ, આત્માની દ્રષ્ટિએ પાળેલી નીતિ.

૨ .**સંસ્કૃતિ** --એટલે પેઢીઓના ભેગા થયેલા સારા સંસ્કાર.

૩. **લક્ષ્મી** -- એટલે સૌના લક્ષનું અમી.

૪.**પ્રાર્થના** -- એટલે અંતરની આરઝુ સાથે ભગવાન સાથે સીધીવાત.

૫. **દયા**-- એટલે બીજાનું દુઃખ પોતાનું માની દુઃખ દૂર કરવું.

૬. **ભજન**-- એટલે ભગવાન માટે ભક્તે ગાયેલું ભગવાનનું ગીત.

૭. **ગીતા**--એટલે આચરણનું વ્યાકરણ.

૮. **પોષાક**--દેહને દીપાવે એ પોષાક.

૯. **ધ્યાન**-- એટલે વિચાર શૂન્ય મન.

૧૦. **શ્રદ્ધા**-- એટલે વિશ્વાસ, આસ્થા, સત્યને ધારણ કરે છે તે.

૧૧.**ભય**-- નિશ્ચિતતામાંથી અનિશ્ચિતતામાં જવું તે ભય.

૧૨.**મરણ**-- એટલે સૃષ્ટિનું હોવું પણ આપણું ન હોવું તે.

૧૩. **અધ્યાત્મ**-- એટલે અંતિમ સત્યની ખોજ- પરમાત્માની શોધ.

૧૪. **અસ્મિતા**-- એટલે આગવી, વિશિષ્ટ, પારંપારિક ઓળખાણ.

૧૫. **ઘર**-- એટલે બહાર નીકળ્યા પછી જ્યાં જલ્દી પાછા ફરવાનું મન થાય.

૧૬. **રાધા**-- એટલે આનંદ આપી આનંદ લેવો. સમર્પણ.

૧૭.**પ્રેમ**--એટલે એકબીજાને વધુ સુખી કરવાની તીવ્ર હરિફાઇ.

૧૮.**મોક્ષ**--એટલે જન્મ-મરણના બંધન માંથી કાયમી મુક્તિ.

૧૯.**સંસાર**-- ભોગવવો ગમે પણ છેવટે કંઇ જ સાર નથી તેવું ભાન.

૨૦.**ભક્તિ**--એટલે ભગવાનને પ્રાપ્ત કરવાની ભક્તની ઉત્કટ તાલાવેલી.

www.omcomputerdns.blogspot.in

૨૧.ઇર્ષ્યા-એટલે મારા કરતાં કોઇ બીજા પાસે કંઇક વધુ છે તે.

૨૨.ક્રોધએટલે કોઇ બીજાનો બદલો પોતાની જાત પર લેવો તે.

૨૩.માયા --જે ખરેખર "નથી" છતાં "છે" એવું માની લેવાનો ભ્રમ.

૨૪.મોહ -- જે પોતાનું નથી છતાં તે ઉપર માલિકીભાવ થવો તે.

૨૫.લોભ -- એટલે કોઇપણ ઇચ્છાનો અતિરેક થઇ જવો તે.

૨૬.સુખ -- એટલે કોઇપણ વસ્તુ-બાબતનો મનગમતો સંયોગ.

૨૭. દુઃખ -- એટલે કોઇપણ વસ્તુ બાબતનો અણગમતો વિયોગ.

૨૮.દંભ -- જે પોતે નથી છતાં તે છે એવું દેખાડવાનો ડોળ.

૨૯. દાન -- યોગ્ય વ્યક્તિને, યોગ્ય સમયે, યોગ્ય વસ્તુ બદલાની અપેક્ષા વગર ફરજ સમજી આપવી તે.

૩૦. મા -- જગતના કોઇપણ બાળક માટે જન્મથી મૃત્યુ સુધીના ભગવાન.

૩૧. ત્યાગ -- કરેલાં બધાં કર્મોના ફળનો ત્યાગ કરે તે ત્યાગ.

૩૨.અપરિગ્રહ-- પોતાની જરૂરિયાત કરતાં કશું પણ વધારે રાખવું નહિ તે.

૩૩. શાંતિ-- મનમાં ક્યારેય પણ કોઇ ઇચ્છા જ ન થવી તે શાંતિ.

૩૪.સ્મિત -- એટલે ભગવાનની ભલામણ ચિઠ્ઠી.

www.omcomputerdhs.blogspot.in